# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08/09/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજ્યના પ્રવાસે - 35 હજાર કરોડથી વધુની વિકાસ પરિયોજનાઓની રાજ્યને ભેટ આપશે.**
2. **પ્રધાનમંત્રીના ગુજરાત પ્રવાસ અગાઉ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે રેલવે યોજનાઓની કામગીરીની સમીક્ષા કરી.**
3. **આવતીકાલથી યોજનારા વિધાનસભાના ચોમાસુ સત્ર અગાઉ કામકાજ સમિતિની બેઠક યોજાઇ - કુલ નવ વિધેયક રજૂ થશે.**
4. **હાઇકોર્ટ અને સુરતની અદાલતમાં બોંબ વિસ્ફોટની ધમકી આપનારા બે આરોપીઓની ચેન્નાઇથી ધરપકડ.**
5. **ગુજરાત સુપર લીગ સિઝન-3ની મેચમાં સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ અને વડોદરા વોરિયર્સનો તેમના પ્રતિસ્પર્ધીઓ સામે વિજય.**
6. **આજથી પર્વાધિરાજ પર્યૂષણ પર્વનો - પ્રારંભ દેરાસરોમાં વિશેષ પૂજા.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના પ્રવાસે આવશે. વડોદરામાં પ્રધાનમંત્રી 35 હજાર કરોડથી વધુના મૂલ્યના વિવિધ વિકાસ પરિયોજનાઓનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.

પ્રસ્તુત છે એક વિશેષ અહેવાલ.........

## VOICE CAST: APARNA KHUNT

*(પ્રધાનમંત્રીના પ્રવાસનું મુખ્ય આકર્ષણ ૨૦,૭૦૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલા વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના ૩૨૬ કિલોમીટર લાંબા ૩ મહત્વના સેક્શનનું ઉદ્ઘાટન છે, જેનાથી સમગ્ર ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર નેટવર્ક સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી ન્યૂ સાણંદ, ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ અને ન્યૂ જેએનપીટી ખાતેથી માલગાડીઓને લીલી ઝંડી દર્શાવશે, તેમજ ટાંડા રોડ અને વડોદરા વચ્ચે નવી પેસેન્જર ટ્રેન સેવાનો પ્રારંભ કરાવશે, જે અલીરાજપુરના અંતરિયાળ આદિવાસી વિસ્તારોને દેશના રેલ નેટવર્ક સાથે જોડશે.*

*સાથે જ, પ્રધાનમંત્રી ગુજરાત અને મધ્ય પ્રદેશ વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત કરવા માટે ₹૯,૭૦૦ કરોડથી વધુના રેલવે પ્રોજેક્ટ્સ અને ₹૧,૭૮૦ કરોડના નેશનલ હાઇવે પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરશે. તેઓ કડાણા ડેમ ખાતે ૧૧૦ મેગાવોટના ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટ અને પીએમ આવાસ યોજનાના મકાનોના લોકાર્પણ સહિત ગુજરાત સરકારના ₹૨,૬૦૦ કરોડના વિકાસ કામોનું પણ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રી નવસારી ખાતે ભાજપના નવા AI-સંચાલિત હાઇ-ટેક કાર્યાલયનું પણ ઉદ્ઘાટન કરશે.*

*અપર્ણા ખૂંટ, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# VADODARA PADYATRA HARSH SANGHVI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આજની વડોદરાની મુલાકાત અગાઉ ગઇકાલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 'વિકસિત ભારત પદયાત્રા' યોજી હતી. દાંડિયા બજાર સ્થિત ફેકલ્ટી ઓફ ટેકનોલોજીથી કીર્તિસ્તંભ સુરસાગર તળાવ સુધી આ યાત્રા યોજાઇ હતી.

મોડી સાંજે સુરસાગર તળાવ ખાતે પ્રખ્યાત ગાયક કૈલાશ ખેરની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો. વડોદરાને સ્વચ્છ બનાવવામાં જેમણે વિશેષ યોગદાન આપ્યું છે તેવા 'સ્વચ્છતા દૂતો'નું સન્માન કરવામાં આવ્યું હતું.

**BYTE- HARSH SANGHVI, DEPUTY CHIEF MINISTER**

# ASHWINI VAISHANAV

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રાજ્યના પ્રવાસ અગાઉ ગઇકાલે અમદાવાદમાં ચાલી રહેલી રેલવેની યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે કહ્યું હતું કે, બુલેટ ટ્રેનની કામગીરી ઝડપથી ચાલી રહી છે.

**BYTE: ASHWINI VAISHNAV, UNION RAILWAY MINISTER**

# MOONSOON SESSION WAGHANI

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રની શરૂઆત અગાઉ કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ ગઈ હતી. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સત્રના કામકાજની રૂપરેખા અને એજન્ડા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં યોજાયેલી આ બેઠકમાં કોંગ્રેસના તુષાર ચૌધરી અને શૈલેષ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકની માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, ચોમાસુસત્ર નવથી **11** સપ્ટેબરે યોજાશે જેમાં કુલ નવ વિધેયક રજૂ થશે.

## BYTE- JITU VAGHANI, SPOKESPERSON MINISTER

# BOMB THREAT ARREST

પાંચમી સપ્ટેમ્બરે અમદાવાદની ગુજરાત હાઈકોર્ટ અને સુરત કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીના કેસમાં બે આરોપીઓની ચૈન્નાઇ ખાતેથી ધરપકડ કરવામાં આવી છે.

અમદાવાદ સાયબર ક્રાઈમની ટીમે તપાસ કરતા હાઈકોર્ટ રજિસ્ટ્રારને જે ધમકીભર્યો મેઈલ મોકલવામાં આવ્યો તે ચેન્નઈથી કરાયાનું ખૂલ્યું. ટીમે ચેન્નઈ જઈ સુરતના અશફાક તેમજ મધ્યપ્રદેશના રાજેશ મુનિયા એમ બે શખ્સોને ઝડપી લીધા. અમદાવાદ લાવી બંનેની પૂછપરછ કરાતા બંને **NDPS**ના કેસમાં સુરતની લાજપોર જેલમાં બંધ હતા અને હાલ પેરોલ પર બહાર છે.

પાંચમી સપ્ટેમ્બરે કોર્ટની તારીખ હોય તેમાં હાજર ન રહેવું પડે તે માટે ધમકીભર્યો મેઈલ કર્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે, તેમ અમદાવાદ પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહેલોતે કહ્યું હતું.

## BYTE: ANUPAMSINH GEHLOT, POLICE COMMISSIONER, AHMEDABAD

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

# BHAVNAGAR NAKLI DARUKAND

ભાવનગર નકલી દારૂકાંડમાં લાંબા સમયથી ફરાર આરોપી હરદીપ મોરી સિહોરમાંથી ઝડપાયો છે. પોલીસે ચોક્કસ બાતમીના આધારે દાદાની વાવ વિસ્તારમાંથી આરોપી હરદીપ મોરીની ધરપકડ કરી હતી. પોલીસે ઝડપાયેલા આરોપીને સ્થાનિક અદાલતમાં રજૂ કરી ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

# JAMNAGAR- INDIANBANK

જામનગર પોલીસે ઇન્ડિયન બેંકની શાખામાંથી મૂળ દાગીનાને નકલી દાગીનાથી બદલીને 39 લાખથી વધુના ગીરવે રાખેલ સોનું ચોરી કરવાના આરોપમાં બે આરોપીઓની ધરપકડ કરી.

જામનગરના નાયબ પોલીસ અધિક્ષક જયવીર સિંહ ઝાલાએ આ અંગે વધુ વિગતો આપી હતી.

## BYTE: JAIVEER SINGH JHALA, DEPUTY SUPERINTENDENT OF POLICE JAMNAGAR

# MORBI SEA LINK

મોરબી જિલ્લાના માળિયાના તાલુકાના નવલખી અને કંડલા વચ્ચે સંભવિત સમુદ્રસેતુના નિર્માણ અંગે પત્રવ્યવહાર ચાલી રહ્યો છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સાકાર કરવા, તેની ઉંડાણપૂર્વકની માહિતી મેળવવા મંત્રી અને ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાએ નવલખી પોર્ટના અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત કરી.

આ મુલાકાત દરમિયાન ન સંભવિત દરિયાઇ રૂટ તથા સ્થળની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી. જો પ્રોજકેટ સફળ થાય તો ઉધોગ જગતને ઘણો ફાયદો થાય તેવી આશા રાખવામાં આવી રહી છે.

# BHAVNAGAR- MELO

ભાવનગર તાલુકાનાં કોળીયાક ખાતે નિષ્કલંક મહાદેવ ખાતે આગામી 10 અને 11 સપ્ટેમ્બરે યોજાનાર ભાદરવી અમાસના મેળા માટે જિલ્લા વહીવટી તંત્ર અધિકારીઓ સાથે ભાવનગર ગ્રામ્યના પ્રાંત અધિકારીની બેઠક યોજાઈ હતી. આગામી 10 અને 11 સપ્ટેમ્બરના રોજ યોજાનાર મેળા માટે વહિવટી તંત્ર દ્વારા જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યાં છે.

# GUJARAT SUPER LEAGUE-2

અમદાવાદમાં ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત ગુજરાત સુપર લીગ-3ની ગઇકાલે રમાયેલી મેચમાં સૌરાષ્ટ્ર સ્પાર્ટ્ન્સે ગાંધીનગર જાયન્ટસને 2-0થી હરાવ્યું હતું. આ વિજય સાથે સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સની ટીમ સાત અંકો સાથે ટોચ પર રહી છે, જ્યારે વડોદરા વોરિયર્સ અને સુરત સ્ટ્રાઈકર્સ વચ્ચે રમાયેલી મેચમાં વડોદરાની ટીમે 3-1થી વિજય મેળવ્યો હતો.

# PARYUSHAN

આજથી પર્વાધિરાજ પર્યુષણનો પ્રારંભ થઈ રહ્યો છે. દેરાસરમાં વિશેષ પૂજા યોજાશે. આઠ દિવસના આ પર્વમાં સાત દિવસ આરાધનાના છે અને આઠમો દિવસ સિદ્ધિનો હોય છે. પર્વના પાંચમા દિવસે 12 સપ્ટેમ્બરે પ્રભુ મહાવીર સ્વામીના જન્મનું વાંચન કરાશે.

# ARVALLI- SHIVDARSHAN

અરવલ્લી જિલ્લાના ભિલોડાના મઉં ગામે ભુવનેશ્વર મહાદેવ મંદિરે ત્રિદિવસીય "શિવદર્શન"નું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદના શિવભક્ત હસમુખ પટેલે દોરેલ ભગવાન શિવની વિવિધ મુદ્રાઓ અને દ્વાદશ જ્યોતિર્લિંગની અનુભૂતિ કરાવતા 275 ચિત્રોનું દર્શન ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

અગાઉ ભીમનાથ મહાદેવ, ઘેલા સોમનાથ, ગોપનાથ અને સાબરકાંઠાના સપ્તેશ્વર મહાદેવ ખાતે પણ શિવદર્શનનું આયોજન થઈ ચૂક્યું છે.

# ANGDAAN

અમદાવાદ સ્થિત સિવિલ હોસ્પિટલ ખાતે દિલ્હીના વતની અને હાલ અમદાવાદ ખાતે કામ કરતા 31 વર્ષીય યુવાન રોહિતસિંહને બ્રેઇનડેડ જાહેર કર્યા બાદ, તેમના પરિવારે લીવર, બે કિડની અને પેનક્રિયાઝ સહિત કુલ ચાર અંગોનું દાન કરી ચાર જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન બક્ષવાનો નિર્ણય લીધો છે.

સિવિલ હોસ્પિટલમાં આ 254મું અંગદાન થયુ છે. રોહિતસિંહને અમદાવાદના હંસપુરા ચોકડી ખાતે રોડ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી.

# PARVATAROHAN TALIM-JUNAGADH

રાજ્યના 8 થી 13 વર્ષનાં બાળકો માટે જૂનાગઢ ખાતે સાત દિવસીય ખડક ચઢાણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

એકથી સાત નવેમ્બર દરમિયાન જૂનાગઢ ખાતે યોજાનાર આ સાત દિવસીય તાલીમમાં ભાગ લેવા ઇચ્છુક અરજદારો માટેનું નિયત અરજી ફોર્મ FACEBOOK પેજ “SVIM ADMINISTRATION” પરથી ડાઉનલોડ કરી શકાશે. અરજી ફોર્મ. પહેલી ઓક્ટોબર સુધીમાં જૂનાગઢના પર્વતારોહણ તાલીમ કેન્દ્ર ખાતે મોકલવાનું રહેશે.

# WEATHER

રાજ્યમાં આજે સવારે છ કલાકે પૂર્ણ થયેલા **24** કલાક દરમિયાન **15** તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ ચાર ટકા વરસાદની ઘટ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ રાજ્યમાં સામાન્ય વરસાદની આગાહી છે.